# શ્રી એચ.એ. શાહ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

## રેફરન્સ (આઈ.સી.) નં.૧/૨૦૨૩

ટોરેન્ટ પાવર સુરત ઈલેકટ્રીસીટી કું. એમ્પ્લોઈઝ યુનિયન,
c/o, ટોરેન્ટ પાવર લી.,
ટોરેન્ટ હાઉસ, યુનિયન ઓફીસ,
સ્ટેશન રોડ,
સુરત–૩૯૫૦૦૩. ... ... ... **પ્રથમ પક્ષકાર**

**વિરુધ્ધ**

ટોરેન્ટ પાવર લી.,
ટોરેન્ટ હાઉસ, સ્ટેશન રોડ,
સુરત–૩૯૫૦૦૩. ... ... ... **બીજા પક્ષકાર**

**પ્રતિનિધિત્વ :**
**પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ. શ્રી આર.એ. વ્યાસ.**
**બીજા પક્ષકાર તરફે : વિ.વ. શ્રી યુ.એસ. ત્રિવેદી.**

**<u>વિષય : આંક–૭ ની અરજીનો હુકમ</u>**

હાલની આ અરજી આપી પ્રથમ પક્ષકાર ટોરેન્ટ પાવર સુરત ઈલેકટ્રીસીટી કંપની એમ્પ્લોઈઝ યુનિયન તરફથી કરવામાં આવેલ રેફરન્સમાં બીજા પક્ષકાર ટોરેન્ટ પાવર લી. તરફે આ રેફરન્સની વેલીડીટી અને કાયદેસરતાને પડકારતા પ્રાથમિક મુદ્દા કાઢવા માટે હાલની અરજી આપેલ છે.

પ્રથમ પક્ષકાર તરફથી મુખ્યત્વે પેરા–૫ માં સામાન્ય તકરારો સાથે એવી રજુઆત કરવામાં આવેલ છે કે આ રેફરન્સ ચલાવવા માટે ટ્રીબ્યુનલને હકુમત નથી. આ રેફરન્સના સમાધાનના કામોમાં યુનિયને સમાધાનની કાર્યવાહીમાં જવું તેવું ન બતાવતા અને પ્રતિનિધિ મંડળે સહીઓ કરવાની ના પાડતા આ રેફરન્સ ગેરકાયદેસર

ઠરે છે તથા સમાધાન અધિકારીનો રીપોર્ટ જે કરવામાં આવ્યો તે ખરેખર સર્ટીફીકેટ ગણાય નહી. તેથી તેના આધારે કરવામાં આવેલ રેફરન્સ ગેરકાયદેસર છે. તેથી તેમની અરજીના પેરા–૫ માં એ, બી, સી અને ડી માં જણાવેલ પ્રાથમિક મુદૃા કાઢવા તથા નિર્ણય કરવા આ અરજી આપેલ છે.

આંક–૧૧ થી પ્રથમ પક્ષકાર યુનિયન તરફે આ અરજીનો વિગતવાર જવાબ રજુ કરેલ છે. તેમની રજુઆત મુજબ કન્સીલીએશનની કાર્યવાહીમાં જે ડીલે થયેલ છે તે મેનેજમેન્ટ તરફથી થયેલ છે અને સમાધાન માટે ઓફર મેળવ્યા પછી તે સમાધાનોના કામે કાર્યવાહી કરેલ નહી અને ચીફ કન્સીલેટર સમક્ષ આ અંગે રજુઆતો કરવામાં આવેલી. તેથી કાયદાની જોગવાઈઓનું યુનિયન તરફથી પાલન કરવામાં આવેલ છે. જે તકરારો લેવામાં આવેલ છે તે ખોટી છે. તેથી વિવિધ ઓથોરીટીઓ ધ્યાને લેતા આવા પ્રાથમિક મુદૃે રેફરન્સ રદ કરી શકાય નહી.

ઉપરોકત રજુઆતો જોતા મહત્વની તકરાર એવી છે કે, સક્ષમ અધિકારીએ આ રેફરન્સ કરેલ છે કે નહી તે મુદૃા સાથે સક્ષમ સત્તાધિકારી સમક્ષ આ મુદૃો ઉઠાવવામાં આવેલ નહી કે તે એક પુરાવાનો વિષય છે. તદઉપરાંત યુનિયને પણ સબમિશનમાં જવા તૈયારી નહી બતાવેલ અને સહી કરવા તૈયારી ન હતી બતાવી તે હકીકત પણ સમાધાન પ્રક્રિયાનો ભાગ હોય તે દરમ્યાન કાર્યવાહીના પુરાવાનો વિષય વસ્તુ છે. આ બંને ઉપરાંત સમાધાન અધિકારીનો રીપોર્ટ ફેલ્યોર સર્ટીફીકેટ ગણાય કે નહી તે રીપોર્ટનું અને તેની અંદર જણાવવામાં આવેલી હકીકતોના પુરાવા રજુ થયા તેનું અર્થઘટન કરવામાં આવે ત્યારે તે કાયદા અને હકીકતો અનુસાર તેના અર્થઘટનનો વિષય વસ્તુ થઈ જાય છે. તેથી તે અંગે પુરાવા રજુ થયા સિવાય નિર્ણય થઈ શકે નહી. વધુમાં જે સમયમર્યાદાનો મુદૃો લેવામાં આવેલ છે તે સમય મર્યાદાનો મુદૃો જેમાં સરકારે સમય મર્યાદા લંબાવેલ અને તે કાયદાની જોગવાઈ મુજબ ન હતી. તેના કારણે યુનિયન કે પ્રતિનિધિ મંડળના હકકોને કોઈ નુકશાન કે અસર થઈ શકે નહી. વધુમાં આ અંગે સંબંધિત સત્તાધિકારીઓ જેવા કે ડેપ્યુટી કમિશનર કે કમિશનરને રાજય સરકારના જરૂરી

નોટીફીકેશનોથી આપવામાં આવેલ સત્તાઓનો તેમણે ઉપયોગ કરેલ હોય તેમાં કોઈ મહત્વની કાનૂની ભૂલ ના હોય તો આ પ્રકારે પ્રાથમિક મુદ્દાના આધારે સમગ્ર રેફરન્સ રદ થઈ શકે નહી. તેથી આ મુદ્દો કાયદા અને હકીકતોનો સંયુકત મુદ્દો હોય તે અંગે પુરાવા લઈ નિર્ણય કરવાથી ન્યાયનો હેતુ જળવાય.

બીજા પક્ષકાર તરફે વિધ્વાન વકીલશ્રી યુ.એસ. ત્રિવેદીની રજુઆત મુજબ જે શીડયુલ દર્શાવેલ છે તે પૈકીના શીડયુલ–ર બંને પક્ષકારોને લાગુ પડે છે અને જો કોઈ ફેરફાર કરવો હોય તો આવો ફેરફારની નોટીસ આપવી પડે છે. તેથી નોટીસ આપવામાં આવે અને તે અંગે રેફરન્સ કરવામાં આવે તો તે ગેરકાયદેસરનો બનતો નથી. કાયદાની કલમ–૭૩(ર) જોવામાં આવે તો તેમાં સત્તાઓ આપવામાં આવેલ છે. તેથી રેફરન્સ ગેરકાયદેસર બનતો નથી અને વેલીડ છે. તેથી તેઓએ આ અરજી રદ કરવા રજુઆત કરેલ છે અને સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજુ કરેલ છે.

**બીજા પક્ષકાર ટોરેન્ટ પાવર કું.લી. તરફે રજૂ થયેલ ઓથોરીટીઓ**

**(૧) સીવીલ એપ્લીકેશન નં.૧ર/૧૯૬૮ (સુ.કો.)**

**મે. છોટાભાઈ જેઠાભાઈ પટેલ અને કું. વિ. ધી ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ, મહારાષ્ટ્ર, નાગપુર બેંચ, નાગપુર અને બીજાઓ**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ સંબંધિત લેબર કોર્ટ કે ટ્રીબ્યુનલને કાયદા અનુસાર રેફરન્સ ચલાવવા માટેની હકુમત ન હતી તેમ છતા સીધા રેફરન્સ ટાઈમે કાર્યવાહી કરવામાં આવેલ અને તેમાં નામ. સુપ્રિમ કોર્ટે એવું ઠરાવેલ કે જો કાયદાની જોગવાઈઓનું પાલન કર્યા વગર એટલે કે સમાધાનની કાર્યવાહીઓ, જે કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ છે. તેનું પાલન કર્યા વગર જો સીધા કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવે તો તે પ્રમાણે લેબર કોર્ટ કે ટ્રીબ્યુનલને કેસ ચલાવવાની હકુમત નથી અને તેને જયારે કલમ–૪ર(૪) હેઠળની જોગવાઈઓનું પાલન ના થયું હોય ત્યારે કલમ–૮૭(૧) નીચે આપવામાં આવેલ દાદ મળી શકે નહી.

**(ર) ર૦૦ર (૧) એલ.એલ.જે. ૮૩૪ (સુ.કો.)**

**જયપુર જીલ્લા સહકારી ભૂમિ વિકાસ બેંક લી. વિ. રામગોપાલ શર્મા અને બીજાઓ**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ આ કેસમાં એપ્રુવલ માટે અરજી કરવામાં

આવેલ અને તે ચાલુ રેફરન્સ દરમ્યાન કામદારને છુટા કરવામાં આવેલ ત્યારે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૧,૩૩(૨)(બી) અને ૩૩(એ) હેઠળની જોગવાઈઓની ચર્ચા કરી એપ્રુવલ વખતે કઈ કાર્યવાહીઓ અને જોગવાઈઓનું પાલન કરવાનું જરૂરી હોય તે નામ. કોર્ટે ઠરાવેલ.

**(૩) ૨૦૦૨ (૪) એલ.એલ.એન. ૯૮૫ (નામ.ગુ.હા.)**

**ગુજરાત કામદાર પંચાયત વિ. મેજ પ્રોડકટ અને બીજાઓ**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે પ્રાથમિક મુદ્દો રેફરન્સ ગેરકાયદેસર હોવા બાબત ઉપસ્થિત કરવામાં આવે અને જયારે રેફરન્સ ગેરકાયદેસર હોય ત્યારે ટ્રીબ્યુનલે તે મુદ્દાનો પ્રથમ નિર્ણય કરવો જોઈએ. વચગાળાનો હુકમ કરતા પહેલા પણ કોર્ટે આ અંગે નિર્ણય કરવો જોઈએ. જો કોઈ કાનૂની ખામી રહી ગઈ હોય અને પછીથી તે અંગે હુકમ કરવામાં આવ્યો હોય તો જે હુકમથી આ ખામી દુર ના થઈ શકે તેવી હોય અને રેફરન્સ ગેરકાયદેસરનો હોય તો તે બીજી ઓથોરીટી કે ફોરમ સમક્ષ પક્ષકારો સંમતિ આપે તો પણ તે અંગેની હકુમત મળી જતી નથી તેવું ઠરાવેલ છે.

**પ્રથમ પક્ષકાર યુનિયન તરફથી તા.૬/૯/૨૩ ના લીસ્ટથી રજુ કરેલ ઓથોરીટીઓ :**

**(૧) ૧૯૮૪ એ.આઈ.આર. ૧૫૩ (સુપ્રિમ કોર્ટ )**

**ડી.પી. મહેશ્વરી વિ. દિલ્હી એડમીન. અને બીજાઓ**ના ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટની ત્રણ જજની બેંચે સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, જયારે ટ્રીબ્યુનલને તકરાર સોંપવામાં આવે ત્યારે જો ઔદ્યોગિક શાંતિનો ભંગ થાય તેમ હોય તેવા સમયે ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાઓ પૈકી પ્રાથમિક મુદ્દા બીજા મુદ્દાઓથી પહેલા નકકી કરવા જોઈએ અને નામ. વડી અદાલતે પણ બંધારણના આર્ટીકલ–૨૨૬ હેઠળ આવી સત્તા વાપરી શકાય નહી અને ટ્રીબ્યુનલ સમક્ષની કાર્યવાહીઓ રોકી શકાય નહી તે અંગે નામ. વડી અદાલતના આર્ટીકલ–૨૨૬ કે નામ. સુપ્રિમ કોર્ટના આર્ટીકલ–૧૩૬ હેઠળ પણ આવી સત્તાઓનો ઉપયોગ કરવો જોઈએ નહી અને પક્ષકારોને એક કોર્ટમાંથી બીજી

કોર્ટમાં જવાની મુશ્કેલીઓ ઉભી ના થાય અને તેવા પરિણામો ના આવે તે કોર્ટે જોવું જોઈએ.

**(૨) ૧૯૬૬ એ.આઈ.આર. ૪૯૭ (સુ.કો.)**

**અમદાવાદ મીલીયોનર્સ એસોસીએશન વગેરે વિ. ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન**ના ચુકાદામાં બી.આઈ.આર. એકટ ૧૯૪૭ ની કલમ–૭૩ અને ૪૨ માં કલમ–૭૩, કલમ–૪૨ ના નિયંત્રણમાં નથી અને કલમ–૭૩ માં રાજય સરકારની વિશાળ સત્તાઓ આપવામાં આવેલ છે તેમ ઠરાવેલ.

**(૩) સ્પે.સી.એ. નં.૬૯૬૦/૦૯ (નામ. ગુ.હા.)**

**કો.ઓ. બેંક વકર્સ યુનિયન વિ. ઉમા કો.ઓ. બેંક લી.**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ટ્રીબ્યુનલ સમક્ષ પ્રાથમિક મુદ્દાની અરજી આંક–૭ થી આપવામાં આવેલી. જે બેંકે પ્રાથમિક મુદ્દા કાઢવા અરજી આપતા તેનો નિર્ણય કરેલ. તે હુકમ નામ. વડી અદાલતે રદ કરેલ અને બી.આઈ.આર. એકટની કલમ–૪૨(૧) રૂલ–૫૧ મુજબ બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ રૂલ્સ ૧૯૬૧ અંગે ધ્યાન દોરી તેમાં જે ફેરફારની નોટીસ આપવામાં આવેલ તે સ્વીકારવામાં આવેલ નહી અને કન્સીલેશન ઓફીસરે તેને રેકર્ડ કરેલ અને કન્સીલેશન ઓફીસરે કલમ–૭૩(એ) હેઠળનો રીપોર્ટ જે સમાધાન નિષ્ફળ ગયા બાબતનો રીપોર્ટ ભૂલભરેલ આપેલ. તે બંને હુકમો નામ. વડી અદાલત સમક્ષ પડકારવામાં આવેલા અને કન્સીલેશન ઓફીસરે પહેલા તા.૧૪/૯/૦૬ ના રોજ લખેલ પત્રના આધારે પોતાની અગાઉનો હુકમ રદ કરી બીજો હુકમ કરેલ. જેને પડકારવામાં આવેલ અને નામ. વડી અદાલતે તમામ પ્રક્રિયા કઈ રીતે અનુસરવી જોઈએ તે માટે માર્ગદર્શન આપી ટ્રીબ્યુનલનો પ્રાથમિક મુદ્દો કાઢી કે મંજુર કરી રેફરન્સ રદ કરવાના કરેલ નિર્ણયને ખોટો અને ભૂલભરેલ જણાવી તે હુકમ રદ કરવા જણાવેલ.

આંક–૧૧ થી પ્રથમ પક્ષકાર યુનિયન તરફે આંક–૭ ની અરજીનો જવાબ આપવામાં આવેલ છે તે તથા રેફરન્સના તમામ કાગળો અને રજુ કરવામાં આવેલ

ઓથોરીટીઓ ધ્યાને લેતા જે સમાધાનની પ્રક્રિયામાં પ્રક્રિયાનું અને સમયગાળાનું યોગ્ય પાલન થયેલ હોય તો રેફરન્સ ગેરકાયદેસર કહી શકાય નહી અને આ પ્રકારની અરજીમાં જે હુકમ કરવામાં આવે તે પણ વચગાળાનો હુકમ કહી શકાય. તેથી મારા અભિપ્રાય મુજબ ઉપરોકત કાઢવામાં આવેલ પ્રાથમિક મુદ્દાઓ પુરાવાથી પુરવાર થઈ શકે તેવું હોવાથી સરકારે રેફરન્સ અંગે મુદ્દાઓ કાઢવામાં આવે ત્યારે ઉપરોકત લીધેલ તકરારોના મુદ્દાઓ પણ સાથે કાઢવા તેવા માર્ગદર્શન સાથે આ અરજીનો નિકાલ કરવામાં આવે છે અને આ તબકકે આ અરજી ફાઈલે કરવામાં આવે છે.

**–: હુ કુ મ :–**

(૧) હાલની અરજી રદ કરવામાં આવે છે.

(૨) જયારે મુદ્દાનો નિર્ણય થાય ત્યાર. આ તકરાર ધ્યાને લેવી તેવા માર્ગદર્શન સાથે આ અરજી ફાઈલે કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સ્થળ : સુરત.
તારીખ : ૦૧/૦૩/૨૦૨૪.

(એચ.એ. શાહ)
સભ્ય,
ઔધોગિક અદાલત, સુરત.